આજથી વિધાનસભાનું શિયાળુ સત્ર

સત્ર આંદોલનોની આક્રમકતા વચ્ચે ગૃહના વાતાવરણને પણ સતત ઉત્તેજીત રાખે તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૮

રાજ્ય વિધાનસભાનું ત્રણ દિવસીય શિયાળુ સત્ર આંદોલનની આક્રમક આબોહવાના વાતાવરણમાં આરંભાઈ રહ્યુ છે.

રાજ્યમાં એક તરફ આંદોલનની મોસમ પુરબહારમાં ખીલી છે. બિન સચિવાલય કારકુનની પરીક્ષામાં ગેરરીતિના મુદ્દે આંદોલન કરી રહેલા પરીક્ષાર્થીઓ, આરોગ્ય વિભાગના કર્મયોગીઓનું આંદોલન આજથી અચોક્કસ મુદતની હડતાલ પર જતા રાજયના મહેસુલી કર્મચારી મંડળનુ આંદોલન, ઓનલાઈન એટેન્ડેન્ટસ પ્રથાનો વિરોધ કરતુ તલાટી મંડળનું આંદોલન આ ત્રિદિવસીય સત્રમાં સરકારને કેટલુ ભીંસમાં મુદી શકે છે તેના પર સૌ રાજકીય વિશ્લેષકોની નજર મંડાયેલી છે.

આ ત્રિદિવસીય સત્રમાં સરકાર પણ કેટલાક મહત્વના સરકારી વિધયેકો લઈ આવવાની છે. વિપક્ષ પણ સરકારને ભીંસમાં લેવા માટે આ ટુંકા સત્રમાં કોઈ તક જતી કરવાના મૂડમાં દેખાતુ નથી એટલે આ સત્ર તોફાની બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

વિધાનસભાના આ સત્ર દરમ્યાન સંવિધાન દિવસની ઉજવણી અંગે સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે. દિવંગત સભ્યોને સત્રારંભે જ શોકદર્શક ઉલ્લેખ સાથે શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવશે.

વિધાનસભાના આ સત્ર દરમ્યાન વિધાનસભાની કેટલીક સમિતિઓના એક્શન ટેઈકન રિપોર્ટ પણ મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

વિપક્ષ રાજ્યમાં મગફળીની ધીમી ખરીદી સહિત ખેડૂતોની વિપદા, રાજયમાં વધતી જતી બેરોજગારીની સમસ્યા, રાજયમાં બની રહેલ બળાત્કારની ઘટનાઓ સહિતના મુદ્દાઓ ઉપસ્થિત કરશે તેમ જાણવા મળેલ છે.

કેરી ઉનાળાનુ ફળ ગણાય છે. ઘણા તો માત્ર કેરીના કારણે જ ઉનાળાની રાહ જોતા હોય છે. કેરી કાચી હોય કે પાકી તેનો સ્વાદ અને તેનાથી બનતી વિવિધ વાનગીઓ ઉનાળાની મજા વધારી દે છે. જો કે આજકાલ મોસમના મિજાજનુ ક્યાં ઠેકાણુ છે. ક્યારેક વરસાદ તો ક્યારેક ઠંડી... તો ક્યારેક ગરમી... મોસમના આ બદલાતા મિજાજને સમજવામાં હવે તો જાણે વૃક્ષો પણ થાપ ખાઈ રહ્યા છે. એટલે તો ભર શિયાળે આંબે કેરીઓ જોવા મળે છે. સેક્ટર-૫-એમાં મહેન્દ્રભાઈ ચૌહાણના ઘર આંગણે આવેલા આંબે મોટી મોટી કેરીઓ લટકતી જોવા મળી રહી છે. વગર સિઝને તેઓ કેરીઓનો સ્વાદ માળે છે.

ગાંધીનગરમાં ક્રમશઃ વધતી ઠંડી પારો ૧૬ ડિગ્રીએ પહોંચ્યો

વાદળછાયા વાતાવરણ વચ્ચે ત્રણ દિવસ અગાઉ ૨૦ ડિગ્રીએ પહોંચી ગયેલુ તાપમાન ક્રમશઃ ઘટતા ઘટતા ૧૬ ડિગ્રીએ પહોંચ્યુ

ગાંધીનગર, તા. ૮

અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરના કારણે બે-ત્રણ દિવસ સુધી આકાશ વાદળછાયુ રહ્યુ હતુ.

જેના કારણે લઘુત્તમ તાપમાન ઉંચકાયુ હતુ અને પારો ૨૦ ડિગ્રીએ પહોંચ્યો હતો. વાદળો વિખેરાતા હવે ક્રમશઃ પારો ઘટી રહ્યો છે અને તાપમાન ૧૬ ડિગ્રીએ પહોંચ્યુ છે.

ગાંધીનગરમાં ઠંડીની અસર ધીમે ધીમે વધી રહી છે. સત્તાવાર રીતે શિયાળો બેસી ગયો છે પરંતુ અત્યાર સુધી ઠંડીનો અનુભવ થતો ન હતો. વળી થોડાક દિવસ અગાઉ અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરની અસર હેઠળ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. જેના કારણે પારો ૨૦ ડિગ્રીએ પહોંચ્યો હતો અને બફારા જેવુ લાગતુ હતુ. હવે રાજયમાં લાંબા સમય બાદ ગઈકાલે રાતથી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. અચાનક જ પવનની દિશા બદલાતા ઠંડીનુ પ્રમાણ વધ્યુ છે. ઠંડા અને સુકા પવનોના કારણે ક્રમશઃ ઠંડી વધી રહી છે. ગત ૫ મી ડિસેમ્બરે ૨૦ ડિગ્રીએ પહોંચેલુ લઘુત્તમ તાપમાન ગઈકાલે રાત્રે ૧૬.૮ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. તાપમાન ઘટતા તેની અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. ગઈકાલે રાત્રે ઘરની બહાર નીકળેલા વસાહતીઓ સ્વેટર કે જેકેટમાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા. માર્ગો પણ વહેલા સુમસામ થઈ ગયા હતા.

● અનુસંધાન પાન-૭

શહેરનો 'ઘ' રોડ આજે આંદોલનકારીઓથી ઉભરાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરનો મુખ્ય માર્ગ ઘ રોડ આજે આંદોલનકારીઓથી ઉભરાશે. નગરમાં ઘણા સમય પછી આ સ્થિતિ જોવા મળશે.

સત્યાગ્રહ છાવણી ખાતે રાજયના મહેસુલી કર્મચારી મહામંડળના સભ્યો સવારે ૧૦ વાગે એકત્રિત થશે અને તેઓ ત્યાંથી રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટર કચેરીએ જઈ કલેક્ટરને આવેદન પત્ર તેમના પડતર પ્રશ્નો અંગે વધુ એક વખત રજુઆત કરશે. આ પછી પુનઃ બપોરે બે વાગ્યા સુધી તેઓ સત્યાગ્રહ છાવણી ખાતે રોકાશે. આજથી રાજયના મહેસુલી કર્મચારી મહામંડળે અનિશ્ચિત મુદતની હડતાલનુ એલાન આપ્યુ છે.

મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ જણાવ્યુ છે કે અસંવેદનશીલ બનેલી સરકારે મહેસુલના કર્મચારીઓએ દિવસ રાત એક કરી તેની પ્રતિષ્ઠામાં વધારો કરવામાં મહત્વનું યોગદાન આપ્યુ છે પરંતુ સરકારને તેના પ્રશ્નો સાંભળવાની પણ ફુરસદ નથી. આ હડતાલનુ એલાન એ તેમના કાર્યકાળની સૌથી દુઃખદ ઘટના હોવાનું કહેતાં તેમણે જણાવ્યુ હતુ કે આપત્તિ હોય કે ચૂંટણી કે પછી અન્ય સરકારી કાર્યક્રમો મહેસુલી કર્મચારીઓ સતત સરકારની પડખે રહ્યા છે પણ સરકારે કોઈ હકારાત્મક પ્રતિસાદ આપ્યો નથી. અમે પ્રજા સાથે સતત સંકળાયેલા છીએ અને પ્રજાની અમે અમારા આંદોલનને કારણે થનારી પરેશાની માટે અમે દિલગીરી વ્યક્ત કરીએ છીએ. ના છુટકે અમારે આ માર્ગ અપનાવવો પડ્યો છે.

બીજી તરફ કોંગ્રેસે પણ સરકારની નિષ્ફળતાઓને છતી કરવા માટે આજે વિધાનસભા કૂચ કરી જવાનો આદેશ તેના કાર્યકરોને આપ્યો છે. કાર્યકરોને સવારે સાડા નવ કલાકે ઘ-૫ ખાતે ઓપન એર થિયેટર પાસે પહોંચવા જણાવ્યુ છે અને ત્યાર પછી તેઓ કૂચ કરી વિધાનસભા જશે.

બિન સચિવાલય કારકુનની પરીક્ષા રદ કરવાની માંગ સાથે આંદોલન કરી રહેલા પરીક્ષાર્થીઓમાંથી આજે એક પરીક્ષાર્થીએ આમરણાંત ઉપવાસની જાહેરાત કરી સૌને ચોંકાવી દીધા છે.

● અનુસંધાન પાન-૭

અંડરપાસ માટે 'ગ' અને 'ઘ' રોડ આંશિક બંધ રહેશે

ઘ-૪ અને ગ-૪ ખાતે અંડરપાસ બનાવવાનુ કામ ટુંક સમયમાં શરૂ કરાશે : આ બંને માર્ગોના ટ્રાફિક માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી

ગાંધીનગર, તા. ૮

વિધાનસભાથી મહાત્મા મંદિર સુધી વિસ્તરેલા સ્વર્ણિમ પાર્કને સળંગ બનાવવા ઘ-૪ અને ગ-૪ પાસે અંડરપાસ બનાવવાનુ આયોજન છે. જેની કામગીરી ટૂંક સમયમાં શરૂ થઈ જશે. અંડરપાસ બનાવવાની કામગીરી દરમ્યાન ટ્રાફિક માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેનુ જાહેરનામુ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી દ્વારા બહાર પાડવામાં આવ્યુ છે.

શહેરની મધ્યે વિકસાવવામાં આવેલા સ્વર્ણિમ પાર્કને વિધાનસભાથી મહાત્મા મંદિર સુધી સળંગ બનાવવા ઘ-૪ અને ગ-૪ પાસે અંડરપાસ બનાવવા જરૂરી છે. જેની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરાશે. આ બંને માર્ગોને આંશિક રીતે બંધ કરી ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવશે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.એમ. જાડેજાએ બહાર પાડેલા જાહેરનામા મુજબ આગામી છ માસ સુધી ઘ-૪ થી ઘ-૩ અને ૫ તરફ અને ગ-૪ થી ગ-૩ અને ૫ સુધીના માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવશે.

આ માર્ગના વાહનવ્યવહાર માટે વૈકલ્પિક

વ્યવસ્થા ટ્રાફિક પોલીસ દ્વારા ગોઠવવામાં આવશે. હવેથી ઘ-રોડ ઉપર ઘ-૫ થી -૩ તરફ જતા વાહનો ચ-૫ થઈ ચ-રોડ ઉપર થઈ જઈ શકશે. ગ-૫ અને ઘ-૫ થઈ ચ-૫ સુધી વાહનો જઈ શકશે. ઘ-૩ થી ઘ-૫ તરફ આવનાર વાહનો ચ-૩ થઈ ચ-રોડ પર જઈ શકે. ગ-૩ થી ગ-૫ તરફ આવનાર વાહનો ખ-૩ થઈ ખ-રોડ પર જઈ શકશે. ટાઉહોલ તથા નાયબ વન સંરક્ષણ અધિકારીશ્રીની કચેરી, સેક્ટર-૧૭ જવા માટે ચ-રોડ થઈ દફતરભંડારવાળા રોડનો ઉપયોગ કરવો પડશે.

ટ્રાફિક પોલીસ દ્વારા આ વ્યવસ્થાનો અમલ કરાવાશે. અંડરપાસની કામગીરી ચાલુ રહેશે ત્યાં સુધી આ વ્યવસ્થા ચાલુ રહેશે.

જિલ્લામાં રવિ સિઝનની વાવણી ૫૦ ટકા

બટાટા, ઘઉં, શાકભાજી, તમાકુ અને વરિયાળીના પાકોનું વાવેતર વધશે : ૩૫ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન

ગાંધીનગર, તા. ૮

શિયાળાની ઋતુના ધીમીગતિના આગમન છતાંય જિલ્લામાં રવિ સીઝનની વાવણી વેગીલી બની છે અને છેલ્લા ત્રણ

વર્ષની સરેરાશ પ્રમાણે ૭૦ હજાર હેક્ટર વિસ્તારમાં થતી વાવણીના પ્રમાણને ધ્યાને લઈએ તો ૫૦ ટકા વાવણીકાર્ય સંપન્ન થયુ છે.

જિલ્લામાં રવિ સીઝનની વાવણીમાં આવેલા વેગને ધ્યાને લેતાં આ વખતે વાવેતર વિસ્તાર વધશે તેવા અંદાજો પણ કેટલાક ખેડૂત આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે. બટાટાના બિયારણમાં રૂ. ૧૦૦ના ભાવ વધારા પછી પણ જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૨૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર આ પાકનું થઈ ગયુ છે. આ બટાટાની ખેતીમાં કોન્ટ્રેક્ટ ફાર્મિંગ પણ વધવા પામ્યુ હોવાનું ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઘઉંનુ વાવેતર ૧૨ હજાર હેક્ટરમાં, ચણાનું વાવેતર ૩૫૬ હેક્ટર વિસ્તારમાં, રાઈનું વાવેતર ૪૬૯ હેક્ટરમાં, તમાકુનુ વાવેતર ૧૯૨૩ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૮૫૮ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૩૧૫૩ હેક્ટરમાં અને ઘાસચારાના પાકનું વાવેતર ૯૩૦૦ હેક્ટરમાં સંપન્ન થયુ છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસા પંથકમાં ૧૨ હજાર હેક્ટરમાં, દહેગામમાં ૧૧ હજાર હેક્ટરમાં, કલોલમાં ૪૩૩૬ હેક્ટરમાં અને ગાંધીનગરમાં ૬૮૧૧ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં ૩૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર અત્યાર સુધીમાં નોંધાયુ છે. બટાટાનું સૌથી વધુ વાવેતર દહેગામમાં ૩૪૦૦ હેક્ટર, માણસામાં ૧૪૦૦ હેક્ટર, ગાંધીનગરમાં ૧૩૦૦

● અનુસંધાન પાન-૭

જિલ્લામાંથી ૮ હજાર ખેડૂતોએ વળતર માટેની અરજીઓ નોંધાવી

ગાંધીનગર જિલ્લામાં રાજ્ય સરકારે કમોસમી વરસાદ પછી થયેલા પાકને નુકશાન અંગે ઈનપુટ સહાયનો લાભ મેળવવા અત્યાર સુધીમાં ૮ હજાર ખેડૂતોએ અરજી કરી છે.

૧લી ડિસેમ્બરથી આ અરજીઓ તંત્ર દ્વારા સ્વીકારવામાં આવી રહી છે. જિલ્લાના ૧૧૬ ગામોમાં ૧ ઇંચ કરતાં વધુ વરસાદ થયો હતો તે ગામના ખેડૂતોને રૂ. ૬૮૦૦ લેખે અને બાકીના ખેડૂતોને રૂ. ૪ હજાર લેખે ઈનપુટ સહાય ચુકવવાની સરકારે જાહેરાત કરી છે.

૩૧મી ડિસમ્બર આ માટે અરજી કરવાની છેલ્લી તારીખ છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાંથી ૨૬૪૯ ખેડૂતોએ, ગાંધીનગરમાંથી ૧૧૬૧ ખેડૂતોએ, કલોલમાંથી ૬૭૦ અને માણસામાંથી ૩૩૦૦ જેટલા ખેડૂતોએ આ સહાય મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે.

સ્વ. ધીરૂભાઈ રમણલાલ પાટકરની પ્રાર્થના સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

રાજયના રાજયમંત્રી રમણલાલ પાટકરના પુત્ર ધીરૂભાઈ પાટકરનું દુઃખદ અવસાન થતાં આજે મંત્રીઓના નિવાસસ્થાન વિસ્તારમાં આવેલ કોમ્યુનીટી હોલ ખાતે ખાસ પ્રાર્થના સભાનું આયોજન કરાયુ હતુ.

આ પ્રાર્થના સભામાં રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મંત્રી ઈશ્વરભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, સૌરભભાઈ પટેલ, ગણપતભાઈ વસાવા, વિભાવરીબેન દવે, પક્ષના અગ્રણીઓ મહેશભાઈ ભટ્ટ, રાજુભાઈ હાલાણી, બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્ર ઠાકોર, જલ્પાબેન ભાવસાર સહિત કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વ. ધીરૂભાઈ પાટકર યુવા અગ્રણી તરીકે અને તેમના સાલસ સ્વભાવને લઈ મોટુ મિત્ર વર્તુળ ધરાવતા હતા. તેઓ છેલ્લા થોડાક સમયથી બિમાર હતા. આજે સૌએ પાટકર પરિવાર પર આવી પડેલા દુઃખને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

શહેર-જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ તરીકે કર્મજીતસિંહ વાઘેલાની નિયુક્તી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર-જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ તરીકે યુવા કાર્યકર કર્મજીતસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે.

વાઘેલાની નિમણુંક અંગેની વિધિવત્ જાહેરાત યુવા ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે કરી છે. તેમણે આ નિયુક્તી માટે અભિનંદન આપી તેઓને સંગઠ્ઠનને ચેતનવંતુ બનાવવા માટે માર્ગદર્શન પણ આપ્યુ છે.

વાઘેલાની નિમણુંકને જિલ્લા શહેરના કોંગી આગેવાનો અને કાર્યકરોએ આવકારી છે તેમની આ નિમણુંકથી પક્ષમાં પણ ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. છેલ્લા ઘણા સમયથી આ જગ્યા ખાલી હતી.

વાઘેલા હવે પ્રદેશ નેતાગીરીના સંપર્કમાં રહી તેમની નવી ટીમની ઘોષણા પણ ટુંકમાં જ

કરશે. પક્ષની નેતાગીરીએ તેમનામાં મુકેલ વિશ્વાસ માટે તેમણે આભારની લાગણી પણ વ્યક્ત કરી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ
હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે,
સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com